**<u>ઓકટોબર-૨૦૧૧ માસના પગાર ભથ્થાની તેમજ પેન્શનની વહેલી ચુકવણી કરવા બાબત.</u>**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- તજર-૧૦૯૭-૬૩૬-૧૦૪૩(૦૬)-ઝ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૦૭ -૧૦-૨૦૧૧.

વંચાણમાં લીધાઃ-

(૧) ના.વિ.નો તા.૨૦/૦૪/૧૯૯૩નો ઠરાવ ક્રમાંકઃ- ટીજેઆ/૧૦૯૩/૩૮૦/ઝ.
(૨) ના.વિ.નો તા.૧૩/૧૦/૧૯૯૩નો ઠરાવ ક્રમાંકઃ- ટીજેઆ/૧૦૯૩/૮૪૬/ઝ.

**<u>ઠ રા વઃ-</u>**

તા.૧૩/૧૦/૯૩ના ઉપર્યુકત ઠરાવથી સરકારી કર્મચારીઓના તથા પેન્શનરોના પગાર જે માસના પગાર ભથ્થાં ચુકવવાપાત્ર હોય તે પછીના માસના પ્રથમ ત્રણ કાર્ય દિવસો દરમ્યાન સ્ટગરીંગ પ્રથા અનુસાર ચુકવવા હુકમો કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે ઓકટોબર માસમાં દિવાળીના તહેવારો તા.૨૪/૧૦/૨૦૧૧થી તા.૨૮/૧૦/૨૦૧૧ના રોજ આવતા હોઇ, આ તહેવારો કર્મચારીઓ તથા પેન્શનરો આનંદ અને ઉત્સાહપૂર્વક ઉજવી શકે તે બાબતને ધ્યાનમાં રાખીને રાજય સરકારે ઓકટોબર-૨૦૧૧ના માસનો પગાર તથા પેન્શનનું ચુકવણું વહેલું કરવાનો નિર્ણય કરેલ છે.

ઉકત નિર્ણય અનુસાર ઓકટોબર-૨૦૧૧ના પગાર ભથ્થાં અને પેન્શનનું ચુકવણું રાજય સરકાર તેમજ પંચાયતના કર્મચારીઓને તા.૧૩/૧૦/૧૯૯૩ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે પહેલાં ત્રણ કાર્ય દિવસોને બદલે વંચાણમાં લીધેલા તા.૨૦/૪/૧૯૯૩ના ઠરાવમાં છુટછાટ મુકીને તા.૧૮/૧૦/૨૦૧૧, તા.૧૯/૧૦/૨૦૧૧ અને તા.૨૦/૧૦/૨૦૧૧ દરમ્યાન તબકકાવાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત તિજોરી નિયમ-૨૪૪ની જોગવાઇમાં છુટછાટ મુકીને સરકારશ્રીએ રાજય સરકાર તેમજ પંચાયતોના પેન્શનરોને ઓકટોબર-૨૦૧૧ના માસનું પેન્શન નવેમ્બર માસના પહેલાં ત્રણ દિવસોને બદલે તા.૧૮/૧૦/૨૦૧૧, તા.૧૯/૧૦/૨૦૧૧ અને

તા.૨૦/૧૦/૨૦૧૧ દરમ્યાન ચુકવવાનું ઠરાવેલ છે.

આ ઠરાવ પ્રાથમિક તેમજ બિન સરકારી માધ્યમિક શાળાઓના શિક્ષકોને અને કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શૈલજા પટેલ )
નાયબ સચિવ (તિજોરી),
નાણા વિભાગ.

પ્રતિ,

* માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
  માન.મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
  માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર./ તમામ ખાતાના વડાઓ / તમામ કચેરીઓના વડાઓ.
* સચિવશ્રી,ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ,સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાધીનગર.

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઇ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, જુના સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર /વડોદરા/ નર્મદા.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ /પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ. / સર્વે નાણા સલાહકારશ્રીઓ.
નાણા વિભાગની સર્વે શાખાઓ (નાણા શાખા સહિત.).
સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ. (વેબ સાઇટ પર મુકવા સારૂં.).